કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

# શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા આયોજિત પર્વ પૂર્ણિમા પૂ.મોરારિબાપુની પાવન નિશ્રામાં સંપન્ન




શિક્ષણનું સત્ય, સાહિત્યનો પ્રેમ અને સેવાની કરુણા એમ શિક્ષણ, સાહિત્ય અને સંગીતનું સાયુજ્ય સાધીને શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા દ્વારા છેલ્લા પંદર વર્ષથી પ્રતિ વર્ષ સાહિત્ય - શિક્ષણ અને સંગીત સન્માન પર્વ ઉજવવામાં આવે છે. આ વર્ષે પર્વ પૂર્ણિમા પર્વની ઉજવણીનો પ. પૂ. મોરારિબાપુના આશીર્વાદ સાથે પ્રારંભ થયો.સૂરોની અમિરી ધરાવતા શ્રી આમીર ઓસમાણ મીરે દેવી સ્તુતિનું ગાન કરીને કાર્યક્રમનો ઉઘાડ કર્યો. તેમના સ્વરે ઉપસ્થિત તમામ શ્રોતા અને દર્શકોના મન મોહી લીધા.લેખક અને કેળવણીકાર ડૉ.ભદ્રાયુ વચ્છરાજાની દ્વારા એવોર્ડ મેળવતા સર્જકો અને મહાનુભાવોનો સુંદર પરિચય આપ્યો. સન્માન પર્વ અંતર્ગત દર્શક એવોર્ડથી શ્રી સુભાષ ભટ્ટ, શિક્ષણ સન્માન એવોર્ડથી શિશુવિહાર - ભાવનગર, પન્ના નાયક નારીશક્તિ પારિતોષિકથી શ્રી નેહલ ગઢવી, રાવજી પટેલ એવોર્ડથી શૌનક જોષી (સાહિત્ય) આમિર મીર (સંગીત) અને ઉમાશંકર જોશી વિશ્વગુર્જરી એવોર્ડથી એકત્ર ફાઉન્ડેશનને સન્માનિત કરવામાં આવ્યું.આ પ્રસંગે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના તબીબોની પણ તેના

**દેવદૂત તરીકે સાબિત થયેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર..**




**માનવતાના મહાકુંભ ના સાચા સારથી એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર..**









સેવાકીય અભિગમને લક્ષમાં રાખીને ડો. નિકુંજ ગોંડલીયા, ડો. મૃગેશભાઈ પટેલ, ડો.ભુપેન્દ્ર રાજપુરા (અમેરિકા)નું પણ સન્માન કરવામાં આવ્યું. શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સર્જનાત્મક પારિતોષિકથી નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. સંસ્થાના પ્રમુખ શ્રી હરેશભાઈ મહેતાએ કરુણા વિશે વાત કરીને હોસ્પિટલમાં દર્દીઓ માટે દૂધ વિતરણની નિઃશુલ્ક સેવા આપતા સ્થાનિક માલધારી દુધ મંડળીના નાના ટાબરિયા સમેતની ટીમને બિરદાવી તેનું પ. પૂ. મોરારિબાપુના આશીર્વાદ સાથે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય મોરારિબાપુએ તેમના આશીર્વચનમાં

**ભગવાન અને સમાજનું સુરક્ષા કવચ સેવા અને સમર્પણનો પ્રયાય એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર...**



એક કદમ વહાલ ભર્યો નિર્ણય... સાવરકુંડલાની પુણ્યશાળી ધરતી ઉપર આરોગ્યના દેવદૂતો જેવા ટ્રસ્ટીઓ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નો સેવાનો યજ્ઞ આરંભ્યો છે જેમાં જેની સુવાસ દેશ વિદેશમાં પ્રસરી રહી છે આ સેવા યજ્ઞમાં ઘી હોમવાનું કામ પૂજ્ય મોરારીબાપુ કરી રહ્યા છે અને દિનપ્રતિદિન તેની સુવાસ પ્રસરી રહી છે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પ્રમુખ શ્રી હરેશભાઈ મહેતા અને ટ્રસ્ટી શ્રી દિવ્યકાંતભાઈ સૂચક સહિત ટ્રસ્ટીઓ ખરી મહેનત કરી રહ્યા છે.



સંસ્થાની સેવાને આશીર્વાદ આપી સેવામાં સ્પર્ધા નહીં, પરંતુ શ્રધ્ધા જોઈએ તેમ પંચ સૂત્રો સાથે સંસ્થાના કાર્યને બિરદાવ્યું અને આવતા વર્ષે ફરી પર્વની પ્રતીક્ષા કરીશ તેવો ઉમળકો વ્યક્ત કર્યો.સમગ્ર કાર્યક્રમને સફળ સંચાલન શ્રી પ્રણવ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂજ્ય ભક્તિરામ બાપુ, ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી મનુભાઈ ગાંધી, અજમેરા પરિવાર, કુંડલા ગ્રામ સેવા મંડળના શ્રી હિંમતભાઈ ગોડા, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, પ્રસિદ્ધ ગાયક શ્રી ઓસમાણ મીર, શ્રી છેલભાઈ વ્યાસ, ઘેલાણી પરિવાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

## સ્વાસ્થ્ય સંવેદના અને વિશ્વાસ એટલે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર...



માનવીય સંવેદનાથી કરેલ સારવાર નવી શક્તિ બની જાય છે અને આજના સમયમાં રોગો વધી રહ્યા છે ત્યારે નિષ્ઠાપૂર્વક શ્રી  લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં નિ:શુલ્ક સેવા આપવામાં આવે છે જે અનેક લોકો માટે આર્શીવાદરૂપ છે. આ હોસ્પિટલમાં દરરોજનો 3 લાખનો ખર્ચો અને એક મહિનાનો એક કરોડ આસપાસ ખર્ચો થાય છે. ત્યારે મોરારીબાપુના આર્શીવાદ અને સહયોગથી 22 વિભાગોમાં અનેક સ્પેશિયાલિસ્ટ ડોકટરો ની ટીમ કામ કરી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 12/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે

### જુનુ અને જાણીતુ

# સોમનાથ કેટરર્સનું

## સ્વાદમાં શ્રેષ્ઠ, ટેસ્ટમાં બેસ્ટ...

## ગરમાગરમ

# સ્પે. રજવાડી ઉંધીયુ

(પ્યોર શીંગતેલમાં બનાવેલુ)

**એકવાર ચાખશો તો ચાહક બની જશો...**




**સંપર્ક : ચંદ્રેશભાઈ પંડયા**
**મો. 98989 83853**

**સ્થળ : પરશુરામ ઉપવનવાડી,**
**ગર્લ્સ હાઈસ્કુલની બાજુમાં, સાવરકુંડલા.**

કે.ડી. NEWS
તારીખ : 12/01/2026

# આજે રાષ્ટ્રીય યુવા દિવસ..




વિશ્વના અધિકાંશ દેશોમાં કોઈ ને કોઈ દિન યુવા દિનના રૂપમાં મનાવવામાં આવતો હોય છે. ભારત દેશમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી, અર્થાત ૧૨મી જાન્યુઆરીના દિવસને પ્રતિવર્ષ રાષ્ટ્રીય યુવા દિનના રૂપમાં મનાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના નિર્ણયાનુસાર ઈ. સ. ૧૯૮૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ ઘોષિત કરવામાં આવ્યું. આ ઘટનાના મહત્ત્વનો વિચાર કરતાં ભારત સરકાર તરફથી પણ ઘોષણા કરવામાં આવી કે ઈ. સ. ૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે સ્વામી વિવેકાનન્દ જયંતીનો દિવસ રાષ્ટ્રીય યુવા દિન તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવશે.એવો અનુભવ થાય છે કે સ્વામીજીના દર્શન તેમ જ સ્વામીજીના જીવન તથા કાર્ય પશ્ચાત નિહિત એમનો આદર્શ—એ જ ભારતીય યુવકો માટે પ્રેરણાનો ખુબ જ મોટો સ્રોત હોય શકે છે.આ દિવસે દેશ ભરમાં આવેલાં વિદ્યાલયો તેમ જ મહાવિદ્યાલયોમાં તરહ-તરહના કાર્યક્રમ યોજવામાં આવે છે; રેલીઓ કાઢવામાં આવે છે; યોગાસનની સ્પર્ધા આયોજિત કરવામાં આવે છે; પૂજા-પાઠ કરવામાં આવે છે; વ્યાખ્યાનના કાર્યક્રમ યોજવામાં આવે છે; વિવેકાનન્દ સાહિત્યને લગતાં પ્રદર્શનો ભરવામાં આવે છે.

કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

# મકરસંક્રાંતિ સુધી વાંચો મકરસંક્રાંતિ વિશેષ ..



## મકરસંક્રાંતિના દિવસે વાસ્તુશાસ્ત્ર ના ઉપાયો..

ઉતરાયણ એટલે દિશા બદલવાનું પર્વ વાસ્તુ મુજબ ઘરની ઊર્જા બદલવા માટે મકરસંક્રાંતિ શ્રેષ્ઠ સમય કહેવામાં આવે છે મકરસંક્રાંતિના દિવસે સવારે ઘરના મુખ્ય દ્વારના ઉંબરા ને સાફ કરી ત્યાં કંકુ ચોખા સાથિયો બનાવો આનાથી ઘરમાં દેવી લક્ષ્મીનું આગમન થાય છે. અને આસોપાલવ કે આંબાના પાનનું તોરણ મુખ્ય દરવાજે લગાવવું આ નકારાત્મક અને ઘરમાં પ્રવેશતા અટકાવે છે. જ્યારે ઘરના ઈશાન ખૂણા ઉત્તર પૂર્વના બરાબર સાફ કરવો કારણ કે સૂર્યની ઉત્તરાયણ ગતિ આ દિશા ને વધુ પ્રભાવશાળી બનાવે છે અને આ જગ્યા ઉપર ગંગાજળ છાંટવું. અને મકરસંક્રાંતિના દિવસે ઘરના ફ્લોરિંગ પર પાણીમાં દરિયાઈ મીઠું નાખીને પોતુ કરવું જેથી વર્ષભરની નકારાત્મકતા દૂર થઈ જાય છે. તો ચાલો મકરસંક્રાંતિના દિવસે આપણે આવા પ્રયોગ કરી અને ઘરે સકારાત્મક ઉર્જા લાવીએ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સલીમ માંજા મેકર્સ

"શું તમારે કાપ્યો છે તેવી બૂમ પાડવી છે"

તો સલીમ માંજા મેકર્સ તમારા માટે લઈને આવ્યું છે...

## ગુજરાતમાં સૌપ્રથમવાર

## કોરિયન કેમિકલ માંજા

તો તમારું એડવાન્સ બુકિંગ કરાવો નીચે આપેલ નંબર પર

**મો. 95123 10710**

તેમજ અમારે ત્યાં તમને મળશે ઓરીજનલ રિલો, ખંભાત, બરેલી રામપુરી પતંગો ની અવનવી રેન્જ

**સ્થળ : આઝાદ ચોક, હિલપાર્ક માર્કેટ સાવરકુંડલા**



કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

# સાવરકુંડલાના ઔદ્યોગિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાતો દિવસ: વડાપ્રધાન દ્વારા 'સ્માર્ટ GIDC' ની ભેટ

## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અથાગ પ્રયત્નો લાવ્યા રંગ: સાવરકુંડલામાં દિવાળી જેવો માહોલ

## રિદ્ધિ-સિદ્ધિ ચોક ખાતે ફટાકડાની આતશબાજી અને ઢોલ-નગારા સાથે ઐતિહાસિક નિર્ણયને વધાવાયો




સાવરકુંડલા શહેર અને સમગ્ર પંથક માટે આજનો દિવસ વિકાસની નવી ક્ષિતિજો ખોલનારો સાબિત થયો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા રાજકોટના આંગણેથી ગુજરાતમાં ૧૧ નવી 'સ્માર્ટ G I D C' સ્થાપવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. આ યાદીમાં સાવરકુંડલાનો સમાવેશ થતા સ્થાનિક ઉદ્યોગ જગત અને વેપારીઓમાં ભારે ઉત્સાહ અને ખુશીની લહેર દોડી ગઈ છે.આનંદના આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ સાવરકુંડલાના હૃદય સમાન રિદ્ધિ-સિદ્ધિ ચોક ખાતે ઉદ્યોગકારો, વેપારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ડીજેના તાલે અને ઢોલ-નગારાના ગુંજારવ સાથે ગગનચુંબી આતશબાજી કરી મનાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌ કોઈએ એકબીજાના મોઢા મીઠા કરાવી 'ભારત માતા કી જય' અને 'વિકાસવાદ' ના નારા સાથે વાતાવરણને ગજવી મૂક્યું હતું.સાવરકુંડલા-લીલીયાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા આ GIDC મંજૂર કરાવવા માટે લાંબા સમયથી ભગીરથ પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક ઉદ્યોગકારોની વર્ષો જૂની માંગણી અને જરૂરિયાતને સમજીને તેમણે ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી સચોટ રજૂઆતો કરી હતી. સતત ફોલોઅપ અને તેમની મક્કમ રજૂઆતોના પરિણામે આજે સાવરકુંડલાને આધુનિક ઔદ્યોગિક વસાહતની ભેટ મળી છે. ઉદ્યોગકારોએ ધારાસભ્યશ્રીની આ દીર્ઘદ્રષ્ટિ અને કાર્યશૈલીને મુક્ત કંઠે બિરદાવી હતી.આ પ્રસંગે

### તોલ-માપના કાંટા અને ખેતીના ઓજારોના ઉદ્યોગને મળશે વૈશ્વિક પ્લેટફોર્મ

સાવરકુંડલા ઉદ્યોગ એસોસિએશનના અગ્રણીઓ કેતનભાઈ ત્રિવેદી, વિપુલભાઈ કનાડીયા, દીપકભાઈ મથક, વિપુલભાઈ મકવાણા, સંજયભાઈ ડોડીયા સહિતના આગેવાનોએ હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે "સાવરકુંડલા તેના તોલ-માપના કાંટા (સ્કેલ) અને ખેતીવાડીના ઓજારોના ઉત્પાદન માટે વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવે છે. 'સ્માર્ટ GIDC' ના નિર્માણથી સ્થાનિક એકમોને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુવિધાઓ અને વૈશ્વિક માર્કેટ સુધી પહોંચવાનું પ્લેટફોર્મ મળશે. આ પ્રોજેક્ટથી હજારો યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે અને સાવરકુંડલાના આર્થિક વિકાસને નવી ગતિ મળશે."આ સ્માર્ટ G I D C આગામી દિવસોમાં સાવરકુંડલાના ઔદ્યોગિક વિકાસમાં 'માઈલસ્ટોન' સાબિત થશે તેવો આશાવાદ સમગ્ર વેપારી આલમ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## પીજીવીસીએલ, સાવરકુંડલા દ્વારા જનહિતમાં જારી :

# વીજળીથી સાવચેતી, સુરક્ષિત જિંદગી

## સલામત ઉત્તરાયણ : આનંદ સાથે સાવચેતી







PGVCL

## નાગરીકોને નમ્ર અપીલ

- પતંગ ચગાવતી વખતે મેગ્નેટીક ટેપનો ઉપયોગ કરવો નહી.
- પતંગના દોરા વીજવાયરમાં ભરાતા, તેને ખેંચવા નહી.
- પતંગના માંજામાં વીજવાહક પદાર્થ વાપરવો નહી.
- વીજ લાઈન કે તેની પાસે ઝંડો / લાકડી કે લોખંડનો સળીયો એલ્યુમીનીયમની સ્ટીક વાપરવી નહી.
- વીજરેષા ઉપર વાયર નાખવો નહી.
- વીજતારમાં ફસાયેલ પતંગને કાઢવા માટે તાર/વાયર કે મેગ્નેટીક ટેપ, ઝરી દોરાનો ઉપયોગ કરી પ્રયત્ન કરવો નહી.
- વીજ વાયરો પસાર થતા હોય તેની સાવ નજીકથી પતંગ ઉડાડવી નહી.
- ટાવર ઉપર ચઢવું નહીં.
- વીજરેષા ઉપર દોરી નાખી લંગર થી રમવું નહી.

## ઈમરજન્સી સંપર્ક

**9925216247 / 02845 242605**

તારીખ : 12/01/2026

# આવતીકાલે 4થો છરી પલિત સંઘ સાવરકુંડલા માં









ગિરનારી તીર્થ (જૂનાગઢ ) થી શાંત્રુજય તીર્થ (પાલીતાણા )1200 યાત્રિકો નો છરીપાલી સંઘ પૂજ્ય આચાર્યદેવશ્રી મદવિજય રવિશેખર સુરીશ્વરજી મહારાજ સાધુ સાધ્વીજી ભગવતો સાથે નો વિશાળ સંઘ ના સંઘપતિ શા કિશોર કુમાર મીઠાલાલજી ભસાણી પરિવાર લાભ લીધેલ છે નેસડી પડાવ થી આ સંઘ સાવરકુંડલા જૈન દેરાસર મા બિરાજમાન ધર્મનાથ દાદા ના દર્શન પૂજા કરી આગળના પડાવ પીઠવડી મુકામે પ્રયાણ કરશેજૈન ધર્મમાં અનેક તીર્થો છે પરંતુ શત્રુંજય મહાતીર્થને શાશ્વત તીર્થનુ બિરૂદ મળ્યુ છે. આ તીર્થમાં દર વર્ષે સેંકડો યાત્રાળુઓ યાત્રા કરે છે. હજારો યાત્રિકો 99 કરે છે. અનેક સંઘ આવે છે અને દર વર્ષે હજારો શ્રાવક-શ્રાવિકા અને સાધુ - સાધ્વીજી ભગવંતો ચાતુર્માસની આરાધના કરીને પુણ્યનુ ભાથુ ભાંધતા હોય છે. આ સંઘમાં પ્રતિદિન સવારે 14 થી 16 કી. મી. પદયાત્રા થાય છે. ત્યારબાદ દિવસ દરમ્યાન પરમાત્મભક્તિ ના વિવિધ અનુષ્ઠાનો, બાપરે 2.30 થી 4 જૈનાચાર્ય પ્રવચન ફરમાવે છે સંગીતકારો ભક્તિ-ભાવના કરે છે

કે.ડી. NEWS
તારીખ : 12/01/2026

# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલની સંગીત ક્ષેત્રે સિદ્ધિઓ...

## જિલ્લા કક્ષાના કલા મહોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ..





સાવરકુંડલા તા. 7 જાન્યુઆરી 2026 ના રોજ નુતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે નેશનલ STEM ક્વિઝ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.ક્વિઝનું સંચાલન શાળાના ગણિત શિક્ષક શ્રી હરેશભાઈ ગુજરાતી તથા તાલુકા કોર્ડિનેટર શ્રી સાવજ નીતિનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન દરમિયાન વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, ઈન્જિનિયરિંગ અને ગણિત (STEM) વિષયક જ્ઞાન પ્રત્યે વિશેષ રસ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.આ કાર્યક્રમના સફળ આયોજન બદલ જે.વી. મોદી હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીતુભાઈ ભટ્ટે તમામ આયોજનકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ સંસ્થાના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપ-પ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટીઓએ સમગ્ર સ્ટાફના પ્રયત્નોને બિરદાવતાં શુભેચ્છા વ્યક્ત કર્યો હતી.

તારીખ : 12/01/2026

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY® BUSINESS SOLUTIONS LLP
Solution@100%®

www.headway.guru
908 124 1916

## “મોડું નથી થયું,
## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે.”

### વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

## હવે આપના સૌભાગ્યની નવી
## તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




### માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*

### તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

## શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911


*શરતો લાગુ

તારીખ : 12/01/2026

# બિહારના લખીસરાયમાં મોરારીબાપુની રામકથાનું સમાપન

## કથાના ફળ સ્વરૂપે બિહાર પ્રશાસને શૃંગી ધામના નિર્માણ માટે બીડું ઝડપ્યું

## રામકથા કેવળ વર્ણનાત્મક ન રહેતા સર્જનાત્મક બની રહી



પૂજ્ય મોરારીબાપુના વ્યાસાસને બિહારના લખીસરાયમાં આયોજિત રામકથા ૧૧ જાન્યુઆરીએ વિરામ પામી. કથાના આરંભના બે દિવસ તેમ જ અંતિમ દિવસે રાજ્યના ઉપ મુખ્યમંત્રી શ્રી વિજયસિંહાએ ઉપસ્થિત રહીને આયોજકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. આ તકે પૂજ્ય બાપુએ કહ્યું કે રાજપીઠ વ્યાસપીઠ પાસે આવે એમાં એની શોભા છે. કથાના મનોરથી શ્રી નવલજી કનોડિયા પરિવારે પૂરા ભાવ અને ભક્તિ દ્વારા કથાનું સુચારુ આયોજન પાર પાડ્યું. વારાણસીના શ્રી કિશનજી જાલાન પરિવાર તેમ જ અખિલેશજી ખેમકા પરિવાર દ્વારા ક્રાઉન ઈવેન્ટ ના સેવાકર્મીઓના સથવારે કથાની તમામ વ્યવસ્થા સુપેરે સંભાળી. લખીસરાયના જીલ્લા અધિક્ષકની સૂચના અનુસાર વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા કથામાં ઉપસ્થિત શ્રોતાઓના આવાગમન અને સુરક્ષા માટે સતર્કતા પૂર્વક કામગીરી બજાવી.દસ બાર હજાર શ્રોતાઓના આગમનની અપેક્ષા રખાઈ હતી તેના બદલે પચ્ચીસ ત્રીસ હજાર ભાવિકો કથા શ્રવણ માટે ઉમટી પડ્યા. લખીસરાયમાં જાણે કથા સત્સંગ સાથે લોકમેળો જામ્યો. બાપુ અવારનવાર કથામાં જણાવતા હોય છે કે રામ કથા કેવળ વચનાત્મક ન રહેતા રચનાત્મક બનવી જોઈએ. લખીસરાયના પ્રશાસને બિહાર સરકારની મદદથી લખીસરાયના રામકાલીન ઋષિ શૃંગીની તપોભૂમિ "શૃંગી ધામ" તરીકે વિકસાવવાનું બીડું ઝડપ્યું છે. એ દિશામાં પૂજ્ય બાપુના માર્ગદર્શન નીચે કામગીરી આરંભી દીધી છે. શૃંગી ઋષિની મૂર્તિનું અનાવરણ થઈ ચૂક્યું છે અને આગામી સમયમાં આ સ્થળ બિહારના ધાર્મિક પર્યટન સ્થળ તરીકે વિકાસ પામશે.બાપુએ આ અંગે પ્રસન્નતા વ્યક્ત કરીને" શૃંગી ધામ" ને આધ્યાત્મિક ઉર્જાથી સભર ક્ષેત્ર બનાવવા માટે બિહાર પ્રશાસને ઉપયોગી સૂચનો આપ્યા હતા.શૃંગી ઋષિ અથર્વ વેદના જ્ઞાતા હતા. તેમની મૂર્તિ સમક્ષ મૂકવા અથર્વ વેદનો ગ્રંથ બાપુ દ્વારા મોકલાશે. ઉપરાંત શૃંગી ઋષિ ની મૂર્તિ સાથે જ હનુમાનજીની મૂર્તિ સ્થાપિત થશે. એ મૂર્તિ પણ બાપુ દ્વારા મોકલાશે. આ રીતે બાપુના કુલ કથા ક્રમની આ ૯૭૦ મી કથા ઐતિહાસિક બની રહી. મનોજ જોશી

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# નંબરવાળા ચશ્મા & ગોગલ્સ



**ફેન્સી ઘડીયાળ * બેલ્ટ * વોલેટ**
**પરફ્યુમ * બોડી સ્પ્રે**

## મકરસંક્રાંતિની ખરીદી કરતા પહેલા એક વખત અવશ્ય મુલાકાત કરો...

# રાજ ચશ્મા

**પોસ્ટ ઓફીસ રોડ, સાવરકુંડલા**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. **94997 97973** માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હા...હા... ઘર આંગણાની ઓફર
## જે તમને બનાવશે માલામાલ...

## કોન બનેગા માલામાલ-૨૦૨૬ ??

## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS
તારીખ : 12/01/2026

# શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કુલ સાવરકુંડલા ખાતે નેશનલ STEM ક્વિઝનું સફળ આયોજન.




સાવરકુંડલા તા. 7 જાન્યુઆરી 2026 ના રોજ નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે નેશનલ STEM ક્વિઝ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.ક્વિઝનું સંચાલન શાળાના ગણિત શિક્ષક શ્રી હરેશભાઈ ગુજરાતી તથા તાલુકા કોર્ડિનેટર શ્રી સાવજ નીતિનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન દરમિયાન વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, ઈન્જિનિયરિંગ અને ગણિત (STEM) વિષયક જ્ઞાન પ્રત્યે વિશેષ રસ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.આ કાર્યક્રમના સફળ આયોજન બદલ જે.વી. મોદી હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીતુભાઈ ભટ્ટે તમામ આયોજનકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ સંસ્થાના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપ-પ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટીઓએ સમગ્ર સ્ટાફના પ્રયત્નોને બિરદાવતાં શુભેચ્છા વ્યક્ત કર્યો હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

તારીખ : 12/01/2026

# ખાંભા જલારામ મંદિર ખાતે પતંગો નો શણગાર...



આગામી 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો દિવસ આવી રહ્યો છે ત્યારે ખાંભા જલારામ મંદિર ખાતે પતંગોનો શણગાર કરવામાં આવ્યો હતો. નાની નાની પતંગો થકી મંદિર સુશોભિત કરાયું હતું  રામ દરબાર,રાધે કૃષ્ણ અને જલારામ બાપાના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

તારીખ : 12/01/2026

# Lions club of Savarkundla

## "સેવા પરમ ધરમ"

# લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા સાવરકુંડલાના લોહાણા વિદ્યાર્થી બોડીંગ ખાતે ફ્રી સર્વ નિદાન કેમ્પ યોજાયો



**પરમ પૂજ્ય ભક્તિરામબાપુ માનવ મંદિર સાવરકુંડલા ના વરદ હસ્તે દીપ પ્રગટાવીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલે હતો..**





શેલ્બી હોસ્પિટલ અમદાવાદ થી ડો પ્રણવ શાહ(સેન્ટર હેડ શેલ્બી હોસ્પિટલ),ડો ઉત્સવ પટેલ(ઓથોપેડિક સર્જન),ડો એચ એમ બંદી (એસોસીએટ ઓથો પ્લાસ્ટી), ડો તનાશા લાલાણી (મો અને ગળાના કેન્સર સર્જન),ડો વિશાલ ડોબરીયા (ચીફ મેડિકલ ઓફિસર)વિશાલભાઈ ત્રિવેદી, તમામ ડોક્ટરો દ્વારા તમામ દર્દીઓને ખૂબ સારી રીતે તપાસ કરી અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડેલું હતું અને ૫૭ દર્દીઓ એ આ કેમ્પ નો લાભ લીધેલ હતોઆ કેમ્પ ને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન લાયન મેહુલ સંઘાણી,લાયન વિજય ઉપાધ્યાય,લાયન હિતેશ નિમ્બાર્ક, કલબના સ્થાપક લાયન કરશન ડોબરીયા,લાયન દેવચંદ કપોપરા, લાયન દીપક બોઘરા,લાયન કમલ શેલાર,પ્રેસિડેન્ટ લાયન હાર્દિક પરમાર વા પ્રેસિડેન્ટ અમિત પંડ્યા,સેક્રેટરી લાયન વિજય ઉપાધ્યાય,ટ્રેઝરર હિતેશ નિમ્બાર્ક, તથા તમામ લાયન્સ મેમ્બરોએ ખૂબ સારી સેવાકીય પ્રવૃત્તિ કરી હતી...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




## માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

# એ.આર. જ્વેલર્સ

AR JEWELLERS

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

# કાણકિયા કોલેજની એન.એસ.એસ. ની વાર્ષિક શિબિર સંપન્ન થઈ.

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા, N. S. S. વિભાગ દ્વારા સાત દિવસની વાર્ષિક શિબિર (સ્પેશિયલ કેમ્પ) માનવ મંદિર મુકામે તારીખ 10- 01- 2026 ના રોજ સંપન્ન થયો. કાર્યક્રમમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રોફેસર શ્રી રીંકુબેન ચૌધરી અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. પુષ્પાબેન રાણીપા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ સાત દિવસની વાર્ષિક શિબિરમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી. ગ્રામ સફાઈ, સ્વચ્છતા અભિયાન, શ્રમકાર્ય, વ્યસનમુક્તિ, બેટી બચાવો, સ્વાસ્થ્ય અંગે જનજાગૃતિ કાર્યક્રમ, વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. માનવ મંદિર મુકામે પરમ પૂજ્ય આદરણીય ભક્તિરામ બાપુના સાનિધ્યમાં કાર્યક્રમના ઉદ્ઘાટનથી લઈ,જુદી જુદી પ્રવૃત્તિઓ માટે આશીર્વચન મળ્યા હતા.આ શિબિરમાં વિદ્યાર્થીઓની કામગીરીને કાર્યક્રમના અધ્યક્ષ બંને બહેનોએ વિશેષ રીતે વીરદાવ્યા હતા . આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ હતી કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી.રવિયા સાહેબ તેમજ ડૉ. દિલીપ ભટ્ટ સાહેબ, ડૉ. લલિતભાઈ ચૌહાણ, ડૉ. અર્જુનસિંહ પરમાર, ડૉ. હરેશ દેસરાણી, ડૉ. કલ્પેશ રાડિયા, ડૉ. હાર્દિક ઉદેશી તેમજ વીઝીટીંગ ફેકલ્ટી અને ઓફિસ સ્ટાફ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. સમાપન કાર્યક્રમના અંતમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષ ચૌહાણ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. રાષ્ટ્રગીતથી સમાપન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સ્ટાફગણ, વિદ્યાર્થીઓએ સમૂહ ભોજનનો લાભ લીધો હતો. આ સાત દિવસની શિબિરમાં કોલેજનાં સમગ્ર સ્ટાફ વિદ્યાર્થીઓ દ્વારા જે જેહમત ઉઠાવવામાં આવી એના માટે પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયા સાહેબે સર્વેને વિશેષ રીતે બિરદાવ્યા હતા.










નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 12/01/2026

# સાવરકુંડલામાં હઝરત ઉતાવળા પીર (ર.અ.)નો વાર્ષિક ઉર્સ મુબારક સંપન્ન: હિન્દુ-મુસ્લિમ એકતાનો અનોખો સંગમ જોવા મળ્યો

## બોઘરીચાણી રોડ પર ઉતાવળા પીરના ઉર્સમાં હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓનો ભવ્ય સંગમ








સાવરકુંડલા નજીક બોઘરીચાણી રોડ પર આવેલ અલ્લાહના વલી હઝરત ઉતાવળા પીર (ર.અ.) નો વાર્ષિક ઉર્સ મુબારક રવિવારના રોજ અત્યંત ભક્તિભાવ અને શાન-ઓ-શૌકત સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે માત્ર મુસ્લિમ બિરાદરો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં હિન્દુ ધર્મપ્રેમી જનતાએ પણ હાજરી આપી હતી, જે સાવરકુંડલાની ગંગા-જમના તહેઝીબ અને કોમી એકતાનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.પીર બાપુ ના ઉર્સની ઉજવણીના ભાગરૂપે સવારથી જ દરગાહ શરીફ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો જેમાં સવારે પવિત્ર ઉર્સના પ્રારંભે સમૂહમાં દરૂદ શરીફ પઢીને દેશની શાંતિ અને પ્રગતિ માટે દુઆ કરવામાં આવી હતી. ત્યારબાદ બપોરે ૧૧:૦૦ વાગ્યાથી દરગાહ શરીફ પર નિયાઝ (પ્રસાદી) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરગાહ ની આજુબાજુ ના વાડી વિસ્તાર તેમજ સાવરકુંડલા શહેર ના ભાઈઓ-બહેનોએ જોડાઈને પ્રસાદીનો લાભ લીધો હતો.આ પવિત્ર અવસરે ઉભરાયેલી માનવ મહેરામણ અને બંને સમુદાયના લોકોની હાજરીએ સાબિત કર્યું કે આસ્થા કોઈ સરહદોને જાણતી નથી. દરગાહ શરીફ ખાતે હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોએ સાથે મળીને દુઆ માંગી હતી અને એકબીજાને ઉર્સની મુબારકબાદી પાઠવી હતી.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ઉર્સ કમિટી તેમજ નજમુદિન જાદવ અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આસ્થાના આ મહાપર્વમાં જોડાયેલા તમામ શ્રદ્ધાળુઓનો આયોજકોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

તારીખ : 12/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શિવમ્

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોક્ટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.



## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- ✻ અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- ✻ અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- ✻ દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
- ✻ ક્લોઝ નેઇલીંગ સેન્ટર (Nailing)
- ✻ ઓપન ઇન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- ✻ સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- ✻ દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- ✻ સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- ✻ બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- ✻ સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- ✻ એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- ✻ MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ✻ ૨૭ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- ✻ TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- ✻ સ્રીરોગ નિદાન અને સારવાર.
- ✻ અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- ✻ જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- ✻ કુટુંબ નિયોજન કેન્દ્ર.
- ✻ વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ✻ ગભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- ✻ કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી / પુરુષ) નિદાન અને સારવાર
- ✻ એપોઇન્ટમેન્ટ અગાઉથી લઇ લેવી.

તારીખ : 12/01/2026

# સાવરકુંડલાની શાળા નંબર 4 માં આધ્યાત્મિક ઓરા સાયન્સ નો પ્રયોગ કરવામાં આવ્યો.





આખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત DIYA SK GRUP ડીવાઈન ઈન્ડીયા યુથ એસોશિયન દ્વારા સાવરકુંડલા ની શાળા નંબર ૪ માં ."ધોરણ-1 થી 8 માં પ્રા.શાળામાં" ત્રિવેણી સંગમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.જેમાં જનજાગૃતિ..સારી વર્તુણક.. તેમજ AURA SCIENCE..વ્યસનમુક્તિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગોષ્ઠી કરવામાં આવી. જેમાં વ્યસન મુક્તિ આહારવિહાર તેમજ AURA સાયન્સ , યોગ વિશે , પોઝીટીવ થીંકીંગ તેમજ વિચાર વિજ્ઞાન,તેમજ અન્ય વિષય પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.તેમજ વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.આચાર્ય શ્રી પૂજા બેન જોષી દ્વારા ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમજ આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમ કરવાનું સૂચન કરવામાં આવ્યું.તમામ કાર્યક્રમનું સંચાલન DIYA SK GRUP ના મેમ્બર વિપુલ ભાઈ બોરીસાગર કન્વીનર દ્વારા કરવામાં આવ્યું..કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમલભાઈ જસાણી તથા દેવાંગભાઈ વ્યાસ તેમજ શાળાનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.ગાયત્રી પરિવાર દ્વારા શાળા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

**માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો**

**ફકત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી**

**વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની**



- 3 વર્ષની ફુલ વોરંટી
- 5 વર્ષ મોટર ગેરંટી (મોટર બદલી આપવામાં આવશે.)
- કટ્ટરની આજીવન ગેરંટી
- બાજરો દળવાની પણ ગેરંટી

## એકયુરેટ ઇલેકટ્રોનિકસ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ 3333

ડે.ડે NEWS

તારીખ : 12/01/2026

# લાઠીમાં ખાતે કપાસ અંગે પરામર્શ કાર્યશાળા યોજાઈ.



અમરેલી જિલ્લાના લાઠીમાં કલાપી કોમ્યુનિટી ખાતે અમરેલી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતા બેટર કોટન (ઉત્તમ કપાસ પહેલ કાર્યક્રમ) અંતર્ગત લીડ ફાર્મર ક્ષમતા નિર્માણ અને પરામર્શ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓ તેમજ પડકારો, નવીનતમ પદ્ધતિઓ અને ખેતી ખર્ચ ઘટાડો ઉત્પાદનમાં વધારો અંગે સમજણ અપાઈ હતી. આ તકે સંસ્થાના ડાયરેક્ટર ધીરુભાઈ વાગડિયા, પરેશભાઈ સોલંકી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ખર્ચ ઘટાડો ઉત્પાદનમાં વધારો અંગે સમજણ મેળવી હતી.

ભાવ વધે તે પહેલા આજેજ ખરીદી કરવા પધારો....

બ્રાન્ડેડ A4 પેકેટ ₹ 175 થી શરૂ

SINCE 1923
KD
NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા મો. 9499797973

તારીખ : 12/01/2026

# લાઠીમાં મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગૌ સેવકોનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો.



મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લાઠી તેમજ આજબાજુના ગ્રામ્ય વિસ્તારના ગૌ સેવકોનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્ષ 2024-25 ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ આગામી મકરસંક્રાંતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટના 25 વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવ નિમિત્તે સુરત ખાતે લાઠી મિત્ર મંડળ તેમજ આદેશ ધૂન મંડળ દ્વારા ડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.


વિદ્યાર્થીઓ માટે રફ ચોપડા તેમજ લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 12/01/2026

# જાણીતા કવિ ભાવેશ ભટ્ટ નો આજે જન્મદિવસ...



ભાવેશ ભટ્ટનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૯૭૫ના રોજ , દિલીપભાઈ અને જયાબહેનને ત્યાં થયો હતો. તેમણે ૧૯૮૫માં અંકુર હાઈસ્કૂલ, અમદાવાદથી પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૧ થી ૫) અને ૧૯૮૯માં દિલ્હી દરવાજા, અમદાવાદ સ્થિત એચ.બી. કાપડિયા હાઈસ્કૂલમાંથી માધ્યમિક શિક્ષણ (ધોરણ ૬ થી ૯) પૂર્ણ કર્યું. તેમણે ૧૯૯૦માં બી.વી. હાઈસ્કૂલ, અમદાવાદથી ધોરણ ૧૦ અને ૧૯૯૨માં આશિષ હાઈસ્કૂલ, અમદાવાદથી ધોરણ ૧૨ સુધીનો પૂર્ણ કર્યો. ૧૯૯૪માં, તેમણે ગુજરાત કોલેજમાં વિનયન શાખામાં પ્રવેશ મેળવ્યો પરંતુ પ્રથમ વર્ષ બાદ અભ્યાસ અધૂરો છોડી દીધો.તેમણે ૨૫ વર્ષની ઉંમરે લખવાનું શરૂ કર્યું. તેમની પ્રથમ ૨૦૦૩માં ગુજરાતી કવિતા સામયિક કવિલોકમાં પ્રકાશિત થઈ હતી. ત્યારબાદ તેમની ગઝલો ગઝલવિશ્વ, શબ્દસૃષ્ટિ, ધબક, તાદર્થ્ય, શબ્દસર, નવનીત સમર્પણ અને કવિતા સહિતના અનેક ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં પ્રકાશિત થઈ છે. ૨૦૦૭માં, ગઝલ સંગ્રહ વીસ પંચામાં તેમની ગઝલો અન્ય ચાર યુવા ગઝલકારો અનિલ ચાવડા, અશોક ચાવડા, હરદ્વાર ગોસ્વામી અને ચંદ્રેશ મકવાણા સાથે સંકલિત કરવામાં આવી છે. તેઓ ઉર્દૂ ભાષામાં પણ ગઝલ લખે છે.તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે તો છે, ૨૦૦૯માં પ્રકાશિત થયો હતો, ત્યારબાદ ૨૦૧૪માં ભીતરનો શંખનાદ નામે તેમનો દ્વિતીય સંગ્રહ પ્રકાશિત થયો હતો, જેને વિવેચકોએ આવકાર્યો હતો. તેઓ ગુજરાતી ગઝલમાં આધુનિકતાના અગ્રણી છે અને ભાષામાંથી નવીન કૃતિઓ મેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમની ગઝલ મુખ્યત્વે પ્રેમ, સામાજિક વિરોધાભાસ, સમકાલીન જીવન અને ઈશ્વર જેવા વિષયોની આસપાસ ફરે છે.૨૦૧૪માં તેમને શયદા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાત સમાચાર અને સમન્વયના સંયુક્ત ઉપક્રમે સ્થાપિત રાવજી પટેલ પુરસ્કાર (૨૦૧૪) અને ભારતીય ભાષા પરિષદ, કોલકાતા દ્વારા અપાતો યુવા પુરસ્કાર (૨૦૧૪) પણ તેમને મળ્યો છે.તેમને વર્ષ ૨૦૨૦નો કાવ્ય મુદ્રા યુવા પ્રતિભા અવોર્ડ અને વર્ષ ૨૦૨૨નું હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. તેમની જાણીતી કવિતા...કોઈ ક્યારેય પણ ઉદાસ ન થાય,થાય તો મારી આસપાસ ન થાય.એક દી સૂર્ય ના ઊગ્યો તો થયું –ક્યાંક મારી ઊલટ-તપાસ ન થાય!જો વીતે આપના વિચાર વગરએ દિવસ મનનો ઉપવાસ ન થાય?એ રીતે કોઈ ભીંત શણગારોકે બીજી ભીંત નાસીપાસ ન થાયરોજ ઈશ્વરની હું પરીક્ષા લઉંએમ ઈચ્છું કે એ નપાસ ન થાય– ભાવેશ ભટ્ટ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 12/01/2026

# સાવરકુંડલામાં બાબા રામદેવ યુવક મંડળ દ્વારા 'ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન'નું ભવ્ય આયોજન; ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

સાવરકુંડલા શહેરમાં સામાજિક સેવાના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા બાબા રામદેવ યુવક મંડળ દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં "ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં કરકસર અને સમાનતાનો સંદેશ ફેલાવવા તેમજ જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાના ઉમદા આશયથી આ સમૂહ લગ્ન યોજાનાર છે.લગ્ન સમારોહની વિગત તારીખ: ૨૨-૦૨-૨૦૨૬ (રવિવાર)સ્થળ: રામદેવપીર મંદિર, ડેમની બાજુમાં, બોઘરિયાણી રોડ, કેવડાપરા, સાવરકુંડલા, જી. અમરેલી.ફોર્મ ભરવાની અંતિમ તારીખમંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ સમૂહ લગ્નમાં જોડાવા માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨-૦૧-૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. જે જરૂરિયાતમંદ પરિવારો આ પ્રસંગનો લાભ લેવા માંગતા હોય, તેમણે સમયમર્યાદામાં ફોર્મ ભરી દેવા વિનંતી છે.આ આયોજનમાં માત્ર ૨૧ નવદંપતીઓ (જોડાઓ) માટે જ વ્યવસ્થા રાખવામાં આવી છે. આથી, "વહેલા તે પહેલા" ના ધોરણે વહેલી તકે ફોર્મ ભરી જવા મંડળના આયોજકો દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.રસ ધરાવતા પરિવારોએ નીચેના સરનામે અને નંબર પર સંપર્ક કરી ફોર્મ મેળવી લેવા:૧. અતુલ ઠાકોર (એડવોકેટ): મો. ૮૧૨૮૧ ૮૭૬૮૧૨. રમેશભાઈ નાથાભાઈ ખંઢેલા (પ્રમુખશ્રી): મો. ૯૮૭૯૮ ૯૬૫૯૦આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા અને સામાજિક એકતા દર્શાવવા બાબા રામદેવ યુવક મંડળ દ્વારા તમામ જ્ઞાતિના લોકોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 12/01/2026

# સાવરકુંડલા (અમરેલી જિલ્લો)માં હાલ (જાન્યુઆરી 2026) તીવ્ર ઠંડીનું મોજું ચાલી રહ્યું છે.



ગુજરાતમાં શીતલહેર (કોલ્ડ વેવ)નો નવો રાઉન્ડ શરૂ થયો છે, જેમાં અમરેલી વિસ્તારમાં લઘુત્તમ તાપમાન 9-12 ડિગ્રી સેલ્સિયસની આસપાસ અથવા તેનાથી પણ નીચે જતું હોય છે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનોના કારણે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે, અને આ સ્થિતિ 12 જાન્યુઆરી સુધી યથાવત રહેવાની શક્યતા છે (ત્યારબાદ થોડી રાહત મળી શકે).આવા હાડ થીજાવતા મોસમમાં સાવરકુંડલાના યુવાનો અને અગ્રણીઓ (સ્થાનિક નેતાઓ, સમાજસેવકો) તાપણું (બોનફાયર/આગ જગાડીને) કરીને ગરમી મેળવી રાહત અનુભવે છે. રાત્રે અથવા સાંજે ચોક, ગલીઓ કે ખુલ્લા મેદાનમાં લાકડાં-ઝાડની ડાળીઓ એકઠી કરીને આગ જલાવવામાં આવે છે. યુવાનો આમાં ખાસ ઉત્સાહ બતાવે છે – તેઓ એકઠા થઈને તાપણી આસપાસ બેસીને ગરમ ચા-કોફી પીવે છે, ગપ્પાં મારે છે, ગીત-સંગીત કરે છે અને ઠંડીને હસી-ખુશીથી ઝીલે છે.અગ્રણીઓ પણ આ પ્રવૃત્તિમાં જોડાઈને સમુદાયની એકતા વધારે છે – ક્યારેક તેઓ ચા-નાસ્તાનું આયોજન કરે છે અથવા ગરીબ પરિવારોને ગરમ કપડાં/આગની વ્યવસ્થા કરવામાં મદદ કરે છે. આ એક પરંપરાગત અને સામાજિક રીત છે જે ઠંડીના દિવસોમાં લોકોને ભેગા કરે છે.


કે.ડી NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 12/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક
બેબીશાવર કેક
સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
મેક અપ કીટ કેક
ફોટો કેક
અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.



New collection
મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**પહેલાના સમયમાં સ્કૂલમાં ચોક લેવા મોકલતા તો પણ એમ લાગતું કે કંઈક ટ્રોફી લેવા જઈએ છીએ અને હવે તો છોકરાઓને ટ્રોફી મળે તો પણ એટલો નથી હરખ..**

---

**સ્પ્રેની સુગંધ શિયાળામાં વધુ આવે છે...કારણકે ઠંડીને કાલે નાહવા માં પ્રતિબંધ હોય છે.**

---

**બહુ ઓનલાઈન ખરીદી ના કરતા ભાઈ ગેસના બાટલાની જરૂર પડશે ને તો ગામ વાળા આપશે ઓનલાઈન વાળા નહિ...**

તારીખ : 12/01/2026
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 12 જાન્યુઆરી
# મહત્વની ઘટનાઓ

૧૮૬૬ – લંડનમાં રોયલ એરોનોટિકલ સોસાયટીની સ્થાપના કરવામાં આવી.

૧૯૦૮ – પેરિસમાં આવેલા ઍફિલ ટાવર પરથી પહેલી વખત લાંબા અંતરના વાયરલેસ સંદેશાઓ મોકલવામાં આવ્યા.

૧૯૪૮ – મહાત્મા ગાંધીએ છેલ્લું ભાષણ કર્યું અને સાંપ્રદાયિક હુલ્લડોના વિરુદ્ધમાં ઉપવાસમાં બેસવાનો નિર્ણય કર્યો.

૧૯૫૦ – સંયુક્ત પ્રાંતનું નામ બદલીને ઉત્તર પ્રદેશ રાખવામાં આવ્યું.

**જન્મ**

૧૮૬૩ – સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ મિશનના સ્થાપક (અ. ૧૯૦૨)

૧૮૬૩ – ભગવાન દાસ, ભારતીય થીઓસૉફિસ્ટ અને સામાજિક કાર્યકર (અ. ૧૯૫૮)

૧૯૪૯ – હારુકી મુરાકામી, જાપાની લેખક, નવલકથાકાર

૧૯૭૫ – ભાવેશ ભટ્ટ, ગુજરાતી ભાષાના ગઝલકાર

**અવસાન**

૧૯૩૪ – સૂર્ય સેન, બંગાળી ભારતીય ક્રાંતિકારી (જ. ૧૮૯૩)

૧૯૩૪ – તારકેશ્વર દાસ્તીદાર, ભારતીય સ્વતંત્રતા સેનાની (જ. ૧૯૦૯)

૧૯૭૬ – અગાથા ક્રિસ્ટી, અંગ્રેજી ગુન્હા (ક્રાઈમ) વાર્તાઓના લેખક (જ. ૧૮૯૦)

૧૯૮૮ – સુનિતી ચૌધરી, ભારતીય રાષ્ટ્રવાદી ક્રાંતિકારી (જ. ૧૯૧૭)

૨૦૦૫ – અમરીશ પુરી, ભારતીય રંગમંચ અને ચલચિત્ર જગતના અભિનેતા (જ. ૧૯૩૨)

**તહેવારો અને ઉજવણીઓ**

રાષ્ટ્રીય યુવા દિન

તારીખ : 12/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 12/01/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973